# પહેલીવાર સ્કૂલે આવેલાં બાળકોને આવકારવા શિક્ષણમંત્રી જાતે પહોચ્યાં

## શાળામાં બાળકોની સંખ્યા અને શાળામાં કોવિડ માર્ગદર્શિકાના પાલન અંગેનો ક્યાસ કાઢવા શિક્ષણમંત્રીની બોરિજ પ્રાથમિક શાળામાં મુલાકાત : મંત્રીએ બાળકોને કંકુ તિલક કરીને આવકાર્યા

ગાંધીનગર, તા. ૨૨

કોરોના મહામારીમાં છેલ્લાં બે વર્ષથી પ્રત્યક્ષ શિક્ષણથી વંચિત રહી ગયેલાં ધોરણ ૧થી ૫ના બાળકો માટે સરકારે ઓફલાઈન શિક્ષણની મરજિયાત છુટ આપતાં આજથી શહેરમાં પ્રાથમિક શાળાઓ ફરી શરૂ થઈ છે. એક તરફ કોરોના મહામારીથી પોતાના નાના કુમળી વયના ભુલકાંઓને કેવી રીતે બચાવવા તે અંગે તેમના મા-બાપ સ્વાભાવિક રીતે ચિંતાતુર હોય જ પરંતુ બીજી તરફ અત્યારે આ મહામારીનો 'ભો' ઓછો થઈ ગયો હોવાનું અનુભવાઈ રહ્યું છે ત્યારે જે બાળકોએ હજુ સુધી સ્કૂલનો ઝાંપો સુદ્ધાં જોયો નથી તેઓ સુરક્ષિત રીતે શાળાએ જતાં થાય તેવી મા-બાપની ખેવના હોય તે પણ એટલું જ સ્વાભાવિક છે. વાલીઓની અવઢવ વચ્ચે





આજથી શરૂ થયેલી શાળાઓમાં બાળકોની હાજરી કેવી રહે છે અને શાળા સંચાલકો બાળકોની સુરક્ષા માટે કોવિડ માર્ગદર્શિકાનું પાલન કરવા બાબતે કેટલા ગંભીર છે તેનો ક્યાસ કાઢવા આજે ખુદ શિક્ષણ મંત્રી ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તાર બોરિજની સરકારી પ્રાથમિક શાળામાં પહોચી ગયાં હતા.

આજે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી અને પ્રાથમિક-માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી કિર્તીસિંહ વાઘેલાએ ગાંધીનગર સ્થિત બોરીજ ગામની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. સામાન્ય રીતે અત્યાર સુધી શાળામાં જ્યારે મંત્રીઓ જેવા વીઆઈપી મહેમાનો પધારે ત્યારે બાળકો તેમનું કંકુ તિલક કરી સ્વાગત કરે તેવાં દ્રશ્યો જોવા મળતાં તેની સામે આજે મંત્રીઓએ શાળાએ પધારેલા ભૂલકાંઓને કંકુ તિલક કરી વધાવ્યાં હતા. શિક્ષણ મંત્રીએ શાળામાં ધોરણ ૧ થી ૫ના દરેક વર્ગખંડની મુલાકાત લઈ અભ્યાસ અર્થે આવેલા બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેમજ શાળામાં કોરોનાની નિયત એસઓપીના પાલન અંગેની સ્થિતિનું પણ નિરીક્ષણ કર્યું હતું.

રાજયના વિદ્યાર્થીઓનુ શિક્ષણ બગડે નહી એ માટે રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના હિતમાં આજથી રાજ્યભરમાં સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૫ના પ્રત્યક્ષ શિક્ષણકાર્ય-ઓફલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. ભૂલકાંઓના ભણતરની આ પહેલમાં શિક્ષણ વિભાગની સીધી દેખરેખ રહેશે. નાનકડા બાળકોની કુમળી વયને નજર સમક્ષ રાખીને તમામ તકેદારીના પગલાંઓ સાથે શિક્ષણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બાળકની હાજરી મરજિયાત રહેશે, જે વાલીઓની સંમતિ હશે એમના બાળકોને જ શાળામાં શિક્ષણ અપાશે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓએ નિયત એસઓપીનું ચુસ્ત પાલન કરવાનું રહેશે અને સરકારી શાળાઓમા આચાર્યઓએ તથા ખાનગી શાળાઓમાં શાળા સંચાલકોએ સેનેટાઈઝેશન સાથેની જરૂરી વ્યવસ્થા ગોઠવવા સાથે વિશેષ તકેદારી રાખવાની રહેશે તે અંગે નિર્દેશ આપી દેવાયાં છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




અમે તો આંદોલન ચાલુ જ રાખીશું... હવે ખેતીમાં પહેલા જેવી મજા ક્યાં છે...?

# અદાણી શાંતિગ્રામ નોર્થપાર્ક બંગ્લોઝમાંથી બીએમડબલ્યુની ચોરી

ગાંધીનગર, તા. ૨૨

અડાલજને અડીને આવેલા અદાણી શાંતિગ્રામ નોર્થપાર્ક બંગ્લોઝ સી-૮ માંથી પાર્ક કરેલી બીએમડબલ્યુની ચોરી થઈ છે. મોંઘીદાટ ગાડીની ચોરી થતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. જ્યારે ચોર ઈસમોએ બંગ્લોઝમાં પાછળના દરવાજાની સ્ટોપર ખોલી અંદર પ્રવેશ્યા હતા. ચોર શખ્સોએ બીએમડબલ્યુ કારની ચાવી અને સીસીટીવી કેમેરાનું ડી.વી.આર. સહિત અન્ય બંગ્લોઝમાંથી આઈફોન-૭ પણ ઉઠાવી પલાયન થઈ ગયા છે. મકાન માલિક ઉપલા માળે સૂતા હતા તેમ છતાં ચોરી થઈ તેની ખબર પડી નથી. ચોરી અંગે અડાલજ પોલીસ મથકે કૌશલ દલાલે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ નોર્થપાર્ક શાંતિગ્રામ અદાણી બંગ્લોઝ મકાન નં. સી-૮ ખાતે રહેતા કૌશલ કૈલાસચંદ્ર દલાલ (ઉ.વ.૫૮) એલઆઈસી વિમા એજન્ટ તરીકે કામ કરે છે. જ્યારે કૌશલભાઈ પોતાના માટે બીએમડબલ્યુ એક્સ-૧-એસયુવી કાર નં. જીજે-૦૧-કેએક્સ-૭૮૪૬ નો ઉપયોગ કરતા હતા. જ્યારે ગતરોજ કૌશલભાઈ અને તેમના પત્ની લગ્નમાં ગયા હતા અને રાત્રીના મોડા ઘરે આવ્યા હતા. જ્યારે ગાડી ઘર આગળ પાર્કિંગમાં પાર્ક કરી હતી. ત્યારબાદ રાત્રે ઘરે ઉપરના મજલે સુઈ ગયા હતા.

સવારના સમયે કૌશલભાઈએ મોબાઈલ ચેક કરતા વોટ્સએપ જોતા સોસાયટીના ગ્રુપમાં ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. જેને પગલે તેઓ ઘરે નીચે ઉતરીને ચેક કરતા મકાનના પાછળના દરવાજાનો પડદો ખુલ્લો હતો. જ્યારે કાચનો દરવાજો અર્ધ ખુલ્લો હતો. જ્યારે બેડરૂમમાં જોતા સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. સામાન ચેક કરતા કોઈ ચોરી થઈ ન હતી પરંતુ આગળનો મુખ્ય દરવાજો ખોલી પાર્કિંગમાં નજર કરતા બીએમડબલ્યુ એક્સ-૧-એસ.યુ.વી. કાર નં. જીજે-૦૧-કેએક્સ-૭૮૪૬ નંબરની ગાડીની ચોરી થઈ હતી. વ્હાઈટ કલરની મોંઘીદાટ બીએમડબલ્યુ કાર ચોરી થતા સોસાયટીમાં સન્નાટો વ્યાપી ગયો હતો. જ્યારે ઘરના સીસીટીવી કેમેરા ચેક કરવા જતા ડીવીઆર પણ ઉઠાવી ગયા હતા. મુખ્ય દરવાજાની પાછળ કી-બોર્ડમાંથી ચોર શખ્સો ચાવી લઈ ગાડી લઈ રફુચક્કર થઈ ગયા છે. જ્યારે ચોર શખ્સો જતા જતા સોસાયટીના મકાન નં. સી-૧૬ ખાતે રહેતા સલિદરપાલસિંહના ઘરેથી પણ ઘરમાં જઈને આઈફોન-૭, બે ગાડીની ચાવી અને બે મકાનની ચાવી સાથે લઈ ગયા હતા. અડાલજ પોલીસ મથકે રૂ. ૨૩ લાખની બીએમડબલ્યુ કાર, આઈફોન-૭ કિ. રૂ. ૨૦ હજાર અને રૂ. ૩ હજારનું ડીવીઆર ગણી કુલ રૂ. ૨૩,૨૩,૦૦૦ ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અજાણ્યા વાહનની ટક્કરે એક્ટીવા પર સવાર કિશોરનું મોત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ ખાતે કાવા છાપરામાં રહેતા હરેશ મકવાણા અને તેમનો પુત્ર પૃથ્વીરાજ મકવાણા એક્ટીવા પર ઈન્દ્રોડા ગામથી સરિતાઉદ્યાન તરફ આવી રહ્યા હતા તે દરમિયાન સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતા પિતા-પુત્ર નીચે પટકાયા હતા. જેમા પૃથ્વીરાજ મકવાણાને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં હરેશભાઈ મકવાણાને ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યાને ત્યાં પુત્ર જન્મ થયો છે. ગઈકાલે સવારે પુત્ર જન્મ થતાં પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.
- ગાંધીનગરમાં રહેતા રાજ્યસભાના પૂર્વ સાંસદ અને કોંગ્રેસી નેતા મધુસુદન મિસ્ત્રીએ જંગલની જમીન ખેડતા આદિવાસીઓના સંમેલન માટે માંગેલી મંજૂરીને તંત્રએ ગ્રાહ્ય ના રાખતાં સરકારની બેવડી નીતિ સામે વિરોધ વ્યક્ત કરતો પત્ર લખ્યો છે.
- વિશ્વ હેરીટેઝ વીકની ઉજવણી અંગે તંત્રની ઉદાસીનતાને લઈ હેરીટેઝ રસિકોમાં રોષની લાગણી જન્મી છે.
- દહેગામના શિયાવાડામાં અંગત અદાવતમાં હુમલાની બનેલ ઘટના ૨૦ પરિવારોએ સામુહિક હિજરત કરતાં મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બનેલ છે.
- ગામતળની જગ્યાઓ નીમ કરવાના પડતર પ્રકરણોને લઈ કલેક્ટરએ ટી.ડી.ઓ. અને મામલતદારની સંયુક્ત બેઠક ગત સપ્તાહે યોજી હતી.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓ સાથે સાપ્તાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.
- શેર બજારમાં આજે કડાકો બોલતાં શેર બજાર સાથે સંકળાયેલા લોકો નિરાશામાં ગરકાવ થઈ ગયા હતા.

# ચિલોડા-ડભોડા ચોકડી પાસે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈકસવાર બે ને ઈજા

## ડભોડા ત્રણ રસ્તા પર મીની સર્કલ બનાવવાની તાતી જરૂર

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા-દહેગામ રોડ પર ડભોડા ચોકડી પાસે સવારે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા તરફ જતા ડમ્પર નં. જીજે.૧૮.એ.ઝેડ.૫૦૫૦ વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકસવાર બે વ્યક્તિઓને ઈજા પહોંચતા દવાખાને પહોંચાડવામાં આવ્યા




બાઈકસવાર બે ને ઈજા પહોંચતા દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ચિલોડા પોલીસ ઘટનાસ્થળે તુરત આવી જઈને અકસ્માત અંગે તપાસ આદરી હતી.

આ બનાવમાં દહેગામથી ચિલોડા આવતા બાઈક નં. જીજે. ૧૮.સી.એલ.૮૬૬૩ ના બાઈક સવાર અને ચિલોડાથી દહેગામ હતા. આ ઘટનાની જાણ થતાં ચિલોડા પોલીસકર્મી તપાસ અર્થે આવી પહોંચ્યા હતા. આ ડભોડા-ચોકડી વળાંકવાળી હોવાથી અકસ્માતનો ભય વાહનચાલકોને સતાવી રહ્યો છે. પરિણામે ડભોડા ત્રણ રસ્તે સત્તાવાહકો દ્વારા સર્કલ બનાવવાની માંગ પ્રવર્તી રહી છે.

# બાવીસ કડવા પટેલ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

શ્રી બાવીસ ગામ કડવા પટેલ સમાજ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જે ધી વીલેજ વીલા ફાર્મ-ઉનાવા ખાતે સ્નેહમિલન મળ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મનપા વોર્ડ નં. ૨ ના નવનિયુક્ત કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટી સભ્ય દિપ્તીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવર્તમાન કોરોના વૈશ્વિક મહામારીમાં આ સમાજના પ્રતિષ્ઠિત ડૉ. હાર્દિક પટેલ (એમ.ડી.) તથા ડૉ. નિરાલી પટેલની મહામારી સંદર્ભે અઢાર-અઢાર કલાકની રોજિંદી સેવાઓની નોંધ લઈ સમાજ દ્વારા તેમનુ વિશિષ્ટ સન્માન કર્યુ હતુ. અન્ય મહેમાનો અને હોદ્દેદારના પ્રાસંગીક ઉદ્બોધનને અંતે રમતોત્સવ તેમજ સમાજના તેજસ્વી તારલાઓનું શૈક્ષણિક સન્માન કરી સમૂહ ભોજન પ્રસાદની મજા માણી હતી. નવનિયુક્ત હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ગાંધીનગરના અગ્રણી કાન્તિલાલ પટેલ, ઉપપ્રમુખ તરીકે એલ.ડી.આર.પી. કોલેજના પ્રોફેસર સંજય પટેલ, મહામંત્રી તરીકે ડૉ. અરવિંદ પટેલ, મંત્રી તરીકે તેજેન્દ્ર પટેલ તથા બકુલભાઈ પટેલ, સહમંત્રી તરીકે શૈલેષભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, ખજાનચી તરીકે ઈજનેર સી.પી. પટેલ તેમજ મહિલા સમિતિમાં દિપ્તીબેન, રેણુકાબેન, જયાબેન, ભગવતીબેન, ઈન્દુબેન, સુરેખાબેન, ઝરણાબેન, વિમળાબેન, જીગીશાબેન પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



આઈટીઆઈની સામે મુકવામાં આવેલા બાંકડા છેલ્લા કેટલાક માસ અગાઉ પાડી દેવાયા હતા. અહીં ઘણા વડીલોની બેઠક હોઈ બાંકડાઓ પુનઃ યથાવત સ્થિતિમાં ગોઠવી દેવા માંગ કરવામાં આવી છે.

# માણસા તાલુકાના મકાખાડ-રેવાગ્રામમાં બાળકો માટે બે દિવસીય વિજ્ઞાનને સંગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની આત્મન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા માણસા



તાલુકાના મકાખાડ ખાતે રેવા ગ્રામમાં બાળકો માટે રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ - વિજ્ઞાનના વિવિધ પ્રયોગોની શિબિર યોજવામાં આવી હતી. વેકેશન પુરૂ થાય એ પહેલાં પ્રતાપનગર શાળાના વિદ્યાર્થીઓ માટેની આ શિબિર નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે આત્મન દ્વારા યોજાઈ હતી. તા. ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ યોજાયેલ શિબિરમાં અંદાજે ૭૦ જેટલાં બાળકોએ શિબિરનો લાભ લઈ રોકેટ બનાવતાં, વિજ્ઞાનના નિયમો, વિવિધ રસાયણો-દ્રવ્યોના ઉપયોગથી પ્રયોગો વગેરેની જાણકારી મેળવી હતી.

બાળકોને જાતે રોકેટ બનાવતાં



શીખવવામાં આવ્યું હતું. બાળકોએ રોકેટ બનાવી ઉડાડ્યા હતા અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. સંસ્થા દ્વારા બન્ને દિવસ બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. રોજિંદા જીવનમાં સ્વચ્છતાની ટેવ કેળવવા, નિયમિત અભ્યાસ કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતાં.

નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગરના હાર્દિકભાઈ મકવાણા અને શિવાંગભાઈએ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો કરાવ્યા હતા. અનિલભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. બાળકોને પ્રોત્સાહિત કરવા રાજેન્દ્રસિંહ વાઘેલા, દશરથભાઈ મોદી માણસાથી આવ્યા હતા. શિબિરનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલે સંભાળ્યું હતું. બાળકોએ આનંદ માણ્યો હતો.

## પોન્ડીચેરી એમેચ્યોર ફેન્સીંગ એસો.ની ચૂંટણી સંપન્ન

પોન્ડીચેરી એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશનની એક્ઝીક્યુટીવ બોડીની ચુટણી ભરતજી ઠાકોરની દેખરેખ હેઠળ સફળતા પુર્વક સંપન્ન થઈ હતી. ગાંધીનગરના વતની અને એમેચ્યોર ફેન્સીંગ એસો. ઓફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોરની ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડીયા દ્વારા પોન્ડીચેરી એમેચ્યોર ફેન્સીંગ એસો.ની એક્ઝીક્યુટીવ બોડીની ચુટણી માટે ઓબ્ઝર્વર તરીકે નિયુક્તિ કરવામા આવી હતી. રીટર્નીંગ ઓફિસર તરીકે પોન્ડીચેરી બાર કાઉન્સીલના સેક્રેટરી એસ. કથીરવેલે કામગીરી કરી હતી. આ પ્રસંગે જુડો ફેડરેશન ઓફ ઈન્ડીયાના જોઈન્ટ સેક્રેટરી એ. જયરાજ ઉપસ્થિત રહ્યા હતા. પોન્ડીચેરી એમેચ્યોર ફેન્સીંગ એસો.ની એક્ઝીક્યુટીવ બોડીની ચુટણીમાં બધા જ ઉમેદવાર બિન હરીફ વિજેતા જાહેર થયા હતા. જેમાં પ્રમુખ તરીકે એસ. રાજા, સિનિયર ઉપપ્રમુખ તરીકે વી. દેવાદોસ અને એ. માલયાને, ઉપ પ્રમુખ તરીકે જી. શ્રીરામ પ્રસાદ અને એમ.વી. મુર્થી, સેક્રેટરી તરીકે કે. બુબલન, સહમંત્રી તરીકે એન. ક્રિશ્નન અને જે. એ. નામ્બી, ખજાનચી તરીકે એસ. રામીન તેમજ કારોબારી સભ્ય તરીકે એ. માધવન, ડી. રઘુ, સેન્થીલ કુમાર, જી. ગિલ્દા પ્રદિપ બિન હરીફ વિજેતા જાહેર થયા હતા.

# શહેરના બસસ્ટેન્ડ પર શ્રમજીવીઓનો કબજો

## ઘ-૦ બસસ્ટેન્ડ પર રહેનાર દ્વારા નાગરિકોને અભદ્ર, ગાળો, અભદ્ર ચેનચાળા કરાતા નાગરિકો બસસ્ટેન્ડ પર જતા ડરે છે

ગાંધીનગર, તા. ૨૨

શહેરના બસસ્ટેન્ડોમાં રહેતા શ્રમજીવીઓએ બસસ્ટેન્ડને પોતાનું ઘર બનાવી લીધુ છે. પોતાના ઘરમાં રહેતા હોય તેમ ગોદડા, કપડા, જમવાના વાસણો વિગેરે બસસ્ટેન્ડમાં મુકીને બસસ્ટેન્ડો પર પોતાનો કબજો કરી લીધો છે. તથા તેઓ બસસ્ટેન્ડ પર ઉભા રહેનારા નાગરિકોને પરેશાન કરતા જોવા મળી રહ્યા છે. વિવિધ ચેનચાળાઓ કરીને ગંદી ગંદી હરકતો કરવામાં આવી રહી છે જેથી બસસ્ટેન્ડ પર કોઈ નાગરિક ઉભુ રહેવા તૈયાર નથી.

શિયાળાના કડકડતી ઠંડીના કારણે ગરીબો માટે સામાજિક સંસ્થાઓ દ્વારા શ્રમજીવીઓને ઠંડીથી બચવા માટેના કપડા, શાલ, ગોદડા, સ્વેટર, ધાબળા વિગેરેની વ્યવસ્થાઓ કરી આપવામાં આવે છે. જેથી બસસ્ટેન્ડ પર પણ ગોડદાઓના ઢગલા જોવા મળી રહ્યા છે. જ્યાં શહેરીજનોને બસનો વેઈટ કરવા માટે બેસવાનું હોય છે તે જગ્યા પર આ શ્રમજીવીઓ દ્વારા પોતાના અડિંગા જમાવી દેવાતા શહેરીજનો પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ધરતીનો છેડો એટલે ઘર... પરંતુ મોંઘવારીના આ સમયમાં બે છેડા ભેગા કરવાના ભલભલાને ફાંફા છે ત્યારે ઘરના ઘરનું સપનુ પાસે આવેલ બસસ્ટેન્ડ પર ઘણા સમયથી એક શ્રમજીવી ત્યાં અડિંગો જમાવી દીધો છે. જે અસભ્યતાથી શહેરીજનો સાથે વર્તણુંક કરી રહ્યો છે. તથા ત્યાં રહે તો કાંઈ પણ જેમ તેમ ગાળો બોલીને તે વ્યક્તિને ત્યાંથી દૂર કરી દે છે. આ ઉપરાંત બસસ્ટેન્ડની બેસવાની જગ્યા પર તેનો સામાન મુકી રાખ્યો છે. જેથી કોઈ વ્યક્તિ




તો શ્રમજીવીઓ માટે સપનું જ રહ્યું છે. મજુરી કામ માટે ગાંધીનગર આવતા શ્રમજીવીઓ ટાઢ, તાપ, વરસાદથી બચવા માટે શહેરમાં ઠેર ઠેર બનાવેલા બસસ્ટેન્ડમાં આશરો લઈ રહ્યાં છે.

બસસ્ટેન્ડમાં ઘર વખરીનો સામાન ગોઠવી દઈ તેને જ પોતાનુ ઘર બનાવી દીધું છે. ઘ-૦ સર્કલ ઉભેલા નાગરિકો સાથે ગાળાગાળી કરી રહ્યો છે. દિવસ દરમિયાન ત્યાં જ સૂતેલો જોવા મળે છે. જેથી કોઈ નાગરિકને બસસ્ટેન્ડનો ઉપયોગ કરવા દેતો નથી. તેથી નાગરિકો પણ આવા મંદબુદ્ધિ જેવા ગરીબોથી ડરી રહ્યા છે. જે ગમે તેને ગમે તેવું બોલી જાય છે. અજાણી વ્યક્તિ ત્યાં આવીને બસની રાહ જોઈને ઉભો ત્યાં બેસી ન શકે. ઉપરાંત ગાંધીનગમાં દિવસે ને દિવસે ભિખારીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. જેથી શહેરીજનોમાં રોષ ફેલાઈ રહ્યો છે. જવાબદાર તંત્રએ બસસ્ટેન્ડ પર રહેનારાઓને તે સ્થળ ખાલી કરાવવું જોઈએ અને ઝડપી કાર્યવાહી કરવી જોઈએ.